JETIR.ORG ISSN: 2349-5162 | ESTD Year : 2014 | Monthly Issue
JOURNAL OF EMERGING TECHNOLOGIES AND INNOVATIVE RESEARCH (JETIR)
An International Scholarly Open Access, Peer-reviewed, Refereed Journal

# ધોરણ 10માં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓની સમાયોજન સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ.

**DR. Smitaben Rameshbhai Patel**

## પ્રસ્તાવના:

મનુષ્યના જીવનમાં સમાયોજન એ સતત ચાલતી પ્રક્રિયા છે શાંતિપૂર્ણ અને સુખી જીવન જીવવા માટે સમાયોજન પૂર્વશરત છે તેમાં પણ તરુણાવસ્થા બાળકનાં જીવનનો મહત્વનો નિર્ણાયક તબક્કો છે આ તબક્કામાં અન્ય કારણોસર સમસ્યા ઉદભવે છે આ તબક્કે વાસ્તવિક અને કાલ્પનિક પડકારો તરુણોના વ્યક્તિત્વ પર અસર કરે છે. તરુણો નવા વર્તન અને ટેવો વિકસાવે છે તેમજ જૂની ટેવો છોડે છે જેથી ડગલે ને પગલે સમાયોજનના પ્રશ્નો સર્જાય છે. કેટલાક તરુણો પર પડકારોની નકારાત્મક અસરો પડે છે જે તેમને પ્રતિસમાયોજન તરફ દોરી જાય છે મોટાભાગના તરુણો તણાવ અને ઉશ્કેરાટનો અનુભવ કરે છે જેના કારણે કૌટુંબિક, સ્વાસ્થ્ય ,સામાજીક અને આવેગિક જેવી બાબતોમા પ્રતિસમાયોજન અનુભવે છે

## વ્યાખ્યા :

"સમાયોજન એ સતત ચાલતી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ તેની અને વાતાવરણ વચ્ચે વધુ અસરકારક સબંધો પેદા કરવા માટે તેના વર્તનમાં પરિવર્તન લાવે છે. " -ગેટ્સ.

માતા પિતા, શાળા તેમજ સમાજ વિધાર્થી પાસેથી વધુ પડતી અપેક્ષાઓ વિધાર્થીઓમાં સમાયોજન સમસ્યાઓના ઉદભવ માટે જવાબદાર છે. ક્યારેક માતા-પિતાની વ્યસ્તતા અને જવાબદારીઓ ને કારણે બાળકને પૂરતો સમય, લાગણી અને હૂંફ ન મળવાથી સમાયોજન સમસ્યાઓ ઉદભવે છે.

## સાહિત્યની સમીક્ષા:

ડૉ. એમ.વાય. જ્ઞાની અને મો. અશરફ મીર( 2013)ના સંશોધન તારણોમાં જોવા મળ્યું છે કે કાલેજના કુમાર અને કન્યા સમાયોજન સંશોધનિકા ના જુદા જુદા ક્ષેત્રોના સમગ્ર પ્રાપ્તાંકોની બાબતમાં કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી.

YELLAIH( 2012) ના સંશોધનના પરિણામો જોતાં જણાય છે કે શાળા કક્ષાએ કુમાર અને કન્યાઓ વચ્ચે સમગ્ર સમાયોજન ની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે તેમજ સમાયોજન અને શૈક્ષણિક સિધ્ધિ વચ્ચે નિમ ના વિધાયક સંબંધ જોવા મળે છે.

વંદના ચૌહાણ (2013) ના સંશોધનના પરિણામો જોતાં જણાય છે કે ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમાર અને કન્યાઓ વચ્ચે સમગ્ર સમાયોજનની બાબતમાં સાર્થક તફાવત જોવા મળે છે જેમાં કુમારો કરતા કન્યાઓનું સમાયોજન વધુ જોવા મળે છે.

મંજુલા GEHLAWAT (2011) ના સંશોધનના પરિણામોમાં જોવા મળે છે કે સામાજિક શૈક્ષણિક આવેગિક અને સમગ્ર આયોજન ની બાબતમાં કુમાર અને કન્યાઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો ન હતો

**હેતુ:**

પ્રસ્તુત સંશોધનનો હેતુ ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં કુમાર અને કન્યાઓમાં કૌટુંબિક સમાયોજન, સ્વાસ્થ્ય સમાયોજન, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનની જાણકારી મેળવી તુલનાત્મક અભ્યાસ કરવો

**ઉત્કલ્પના:**

પ્રસ્તુત સંશોધનમાં નીચે દર્શાવેલ શૂન્ય પરિકલ્પનાઓની રચના કરવામાં આવેલી છે.

1. કૌટુંબિક સમાયોજનની બાબતમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોઈ.
2. સ્વાસ્થ્ય સમાયોજનની બાબત માં ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓ વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિ હોઈ.
3. સામાજિક સમાયોજનની બાબત માં ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોઈ.
4. આવેગિક સમાયોજનની બાબત માં ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓ વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોઈ.

**નિદર્શ :**

પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ શહેરના ધોરણ 10માં અભ્યાસ કરતાં 40 કુમાર અને 40 કન્યાઓના એમ કુલ 80 વિદ્યાર્થીઓની યદ્દચ્છ પદ્ધતિ દ્વારા નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા.

**પરીવર્ત્યો:**

પ્રસ્તુત સંશોધન માં ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની જાતિ એટલે કે કુમારો અને કન્યાઓ ને સ્વતંત્ર પરીવર્ત્ય તરીકે લેવામાં આવેલ છે. જયારે સમાયોજન સંશોધનીકાના ક્ષેત્રો જેવાકે કૌટુંબિક સમાયોજન, સ્વાસ્થ્ય સમાયોજન, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકોને આધારિત પરીવર્ત્ય તરીકે લેવામાં આવેલ છે.

ઉપકરણ :

પ્રસ્તુત સંશોધન માં માહિતી એકત્રીકરણ માટે એચ એમ બેલ રચિત સમાયોજન સંશોધનીકા નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનીકા માં કૌટુંબિક સમાયોજન, સ્વાસ્થ્ય સમાયોજન, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન એમ કુલ ચાર સમાંયોજનના ક્ષેત્રોમાં ૧૪૦ વિધાનો છે. પ્રસ્તુત સંશોધનની કૌટુંબિક સમાયોજન, સ્વાસ્થ્ય સમાયોજન, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનની વિશ્વસનીયતા ક્રમશ ૦.૮૪,૦.૮૧ ,૦.૮૯ અને ૦.૯૨ છે. જયારે યથાર્થતા ક્રમશ ૦.૭૨,૦.૭૯,૦.૮૨ ૦.૮૧ છે. પ્રસ્તુત સંશોધનીકા માં હા પ્રતિક્રિયાને ૧જયારે ના અને પ્રશ્નાર્થ પ્રતિક્રિયાને ૦ પ્રાપ્તાંક આપવામાં આવે છે અહી ઉચા પ્રાપ્તાંકો વધુ સમાયોજન સમસ્યાઓ નો નિર્દેશ કરે છે.

**માહિતી એકત્રીકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં સમાવિષ્ટ નિદર્શ સાથે ઘર મુલાકાત, સામાન્ય વાતચીત દ્વારા સાયુજ્ય સ્થાપ્યા બાદ વિવિધ સૂચનાઓ સાથે સમાયોજન સંશોધનીકા વ્યક્તિગત રીતે આપવામાં આવી જેમાં કુલ ૪૦ કુમાર અને ૪૦ કન્યાઓ નો સમાવેશ કરવામાં આવ્યો હતો. બધી જ સંશોધનીકાઓના પ્રયુતરો મળી ગયા બાદ સંશોધનીકા માં દર્શાવ્યા પ્રમાણે પ્રત્યેક નિદર્શની પ્રત્યેક સંશોધનીકાના ઉત્તરોનું ગુણાંકન કરવામાં આવ્યું.

**આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ:**

પ્રસ્તુત સંશોધનમાં આંકડાશાસ્ત્રીય વિશ્લેષણમાટે આંકડાશાસ્ત્ર ની " ટી " કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**પરિણામ અને ચર્ચા :**

**જાતિના સંદર્ભ માં કૌટુંબિક સમાયોજનના પ્રાપ્તાંકો ના માધ્યાકો,પ્રમાણ વિચલન અને ટી મૂલ્ય દર્શાવતી સારણી**

| **જૂથ** | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| કુમાર | 40 | 10.2 | 6.59 | **0.32** | અસાર્થક |
| કન્યા | 40 | 10.6 | 4.26 | | |

ઉપરોક્ત સારણીમાં જોતા જણાય છે કે જાતિના સંદર્ભમાં કૌટુંબિક સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકોની બાબતમાં ટી મૂલ્ય ૦.૩૨ જોવા મળે છે જે અસાર્થક છે. અહી " કુમારો અને કન્યાઓ ના કૌટુંબિક સમાયોજન ના પ્રાપ્તાંકો ના મધ્યકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિ હોઈ" આ શૂન્ય પરિકલ્પના સ્વીકુત બને છે એટલેકે કુમાર અને કન્યાઓ વચ્ચે કૌટુંબિક સમાયોજનની બાબતમાં સમાનતા જોવા મળે છે. જે કુમાર અને કન્યાઓના કૌટુંબિક સમાયોજનના પ્રાપ્તાંકોમાં જોઇ શકાય છે. કુમારો અને કન્યાઓના કૌટુંબિક સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકો ક્રમશ: ૧૦.૨ અને ૧૦.૬ છે. જયારે પ્રમાણ વિચલન ક્રમશ ૬.૫૯ અને ૪.૨૬ છે.

જાતિના સંદર્ભ માં સ્વાસ્થ્ય સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકો, પ્રમાણ વિચલન અને ટી મૂલ્ય દર્શાવતી સારણી

| **જૂથ** | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| કુમાર | 40 | 10.18 | 7.50 | **0.38** | અસાર્થક |
| કન્યા | 40 | 9.6 | 5.09 | | |

ઉપરોક્ત સારણીમાં જોતા જણાય છે કે જાતિના સંદર્ભમાં સ્વાસ્થ્ય સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકોની બાબતમાં ટી મૂલ્ય **0.38** જોવા મળે છે જે અસાર્થક છે. અહી " કુમારો અને કન્યાઓના સ્વાસ્થ્ય સમાયોજન ના પ્રાપ્તાંકો ના મધ્યકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિ હોઈ" આ શૂન્ય પરિકલ્પના સ્વીકુત બને છે એટલે કે કુમાર અને કન્યાઓ વચ્ચે સ્વાસ્થ્ય સમાયોજનની બાબતમાં સમાનતા જોવા મળે છે જે કુમાર અને કન્યાઓના સ્વાસ્થ્ય સમાયોજન પ્રાપ્તાંકોમાં જોઇ શકાય છે. કુમારો અને કન્યાઓના સ્વાસ્થ્ય સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકો ક્રમશ: 10.18 અને 9.6 છે. જયારે પ્રમાણ વિચલન ક્રમશ 7.50 અને 5.09 છે.

જાતિના સંદર્ભ માં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો ના મધ્યકો પ્રમાણ વિચલન અને ટી મૂલ્ય દર્શાવતી સારણી

| **જૂથ** | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| કુમાર | 40 | 14.02 | 5.08 | **1.79** | અસાર્થક |
| કન્યા | 40 | 16.18 | 5.75 | | |

ઉપરોક્ત સારણીમાં જોતા જણાય છે કે જાતિના સંદર્ભમાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો ના મધ્યકોની બાબતમાં ટી મૂલ્ય **1.79** જોવા મળે છે જે અસાર્થક છે. અહી " કુમારો અને કન્યાઓ ના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો ના મધ્યકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિ હોઈ" આ શૂન્ય પરિકલ્પના સ્વીકુત બને છે એટલેકે કુમાર અને કન્યાઓ વચ્ચે સામાજિક સમાયોજનની બાબતમાં સમાનતા જોવા

મળે છે જે કુમાર અને કન્યાઓના સામાજિક સમાયોજન પ્રપ્તાંકોમાં જોઇ શકાય છે. કુમારો અને કન્યાઓના સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકો ક્રમશ: 14.02 અને 16.18 છે. જયારે પ્રમાણ વિચલન ક્રમશ 5.08 અને 5.75 છે.

જાતિના સંદર્ભમાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો ના મધ્યકો પ્રમાણ વિચલન અને ટી મૂલ્ય દર્શાવતી સારણી

| **જૂથ** | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | ટી મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| કુમાર | 40 | 11.85 | 6.18 | **1.93** | અસાર્થક |
| કન્યા | 40 | 14.75 | 7.15 | | |

ઉપરોક્ત સારણીમાં જોતા જણાય છે કે જાતિના સંદર્ભમાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકોની બાબતમાં ટી મૂલ્ય **1.93** જોવા મળે છે જે અસાર્થક છે. અહી " કુમારો અને કન્યાઓના આવેગિક સમાયોજન ના પ્રાપ્તાંકોના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોઈ" આ શૂન્ય પરિકલ્પના સ્વીકુત બને છે એટલે કે કુમાર અને કન્યાઓ વચ્ચે આવેગિક સમાયોજનની બાબતમાં સમાનતા જોવા મળે છે જે કુમાર અને કન્યાઓના આવેગિક સમાયોજન પ્રપ્તાંકોમાં જોઇ શકાય છે. કુમારો અને કન્યાઓના આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકોના મધ્યકો ક્રમશ: 11.85 અને 14.75 છે. જયારે પ્રમાણ વિચલન ક્રમશ 6.18 અને 7.15 છે.

તારણો:

1. ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓ વચ્ચે કૌટુંબિક સમાયોજન ની બાબતમાં કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી એટલેકે ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓ વચ્ચે કૌટુંબિક સમાયોજન ની બાબતમાં સમાનતા જોવા મળે છે.
2. ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓ વચ્ચે સ્વાસ્થ્ય સમાયોજન ની બાબતમાં કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી એટલેકે ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓ વચ્ચે સ્વાસ્થ્ય સમાયોજન ની બાબતમાં સમાનતા જોવા મળે છે
3. ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓ વચ્ચે સામાજિક સમાયોજન ની બાબત માંકોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી એટલેકે ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓ વચ્ચે સામાજિક સમાયોજન ની બાબતમાં સમાનતા જોવા મળે છે.
4. ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓ વચ્ચે આવેગિક સમાયોજન ની બાબત માંકોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી એટલેકે ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓ વચ્ચે આવેગિક સમાયોજન ની બાબતમાં સમાનતા જોવા મળે છે

**REFERENCES :**

Dr. M.Y.Ganai and Muhammad Ashraf Mir (2013) A COMPARATIVE STUDY OF ADJUSTMENT AND ACADEMIC ACHIVEMENT OF STUDENTS. Journal of Educational Research and Essays vol.1(1),pp.5-8

Manju Gehlawat (2011) A Study of Adjustment among high school students In Relation to Their Gender ; International Referred Research journal , ISSN-0974-2832,RNI-RAJBIL2009/29954;vol.3*ISSUE-33.

Vandna Chahuhan (2013)A Study on Adjustment of higher Secondary School students of drug distric; OSR Journal of Research & Method in Education (IOSR-JRME) e-ISSN: 2320-7388,P-ISSN: 2320-737X Volume 1,Issue1,PP50-52.

Yellaiah (2012)A study of Adjustment on Academic Achievement of high School Student. International Journal of Social Science and interdisciplinary Research Vol.1No.5 ISSN2277 3630.